[A-25-G] Seat No: ____________ No. of printed pages: 03

# SARDAR PATEL UNIVERSITY
## T. Y. B. Com (External) Examination
## Friday, 4th May, 2018
## 2.00 - 5.00 pm
## BF-301 – BUSINESS FINANCE

**કુલ ગુણ : ૧૦૦**

**નોંધ:** જમણી બાજુના આંકડા પ્રશ્નપત્રના પૂર્ણ ગુણ દર્શાવે છે.

પ્ર.૧

(અ) નાણાંકીય સંચાલન એટલે શું ? આધુનિક વેપાર જગતમાં નાણાંકીય સંચાલનનું મહત્વ સમજાવો. (૧૦)

(બ) અલ્પ મૂડીકરણ એટલે શું ? અલ્પ મૂડીકરણના કારણો અને તે દૂર કરવાના ઉપાયો વિગતવાર સમજાવો. (૧૦)

**અથવા**

પ્ર.૧

(અ) નાણાંકીય આયોજન એટલે શું ? નાણાંકીય આયોજનને અસર કરતા પરિબળો સમજાવો. (૧૦)

(બ) 'સંપત્તિના મહત્તમીકરણનો ખ્યાલ નફાના મહત્તમીકરણના ખ્યાલ કરતા ચઢિયાતો ઉદ્દેશ છે' ચર્ચો. (૧૦)

પ્ર.૨

(અ) મૂડી પડતર એટલે શું ? નાણાંકીય નિર્ણયોમાં મૂડી પડતરનું મહત્તવ સમજાવો. (૧૦)

(બ) લાંબા ગાળાના મૂડી સાધનો એટલે શું ? લાબાગાળાના મૂડી સાધન તરીકે પ્રેફરન્સ શેરોના ફાયદા અને ગેરફાયદા સમજાવો. (૧૦)

**અથવા**

પ્ર.૨

(અ) ડિબેન્ચર એટલે શું ? લાબા ગાળાના મૂડી સાધન તરીકે ડીબેન્ચરોના ફાયદા અને ગેરફાયદા સમજાવો. (૧૦)

(બ) IOC લી.નું મૂડી માળખું નીચે મુજબ છે. (૧૦)

| મૂડી સ્ત્રોત | ચોપડા કિંમત | બજાર કિંમત | મૂડી પડતર |
|---|---|---|---|
| ઇક્વિટી શેરો | ૩૦૦૦૦૦૦ | ૬૦૦૦૦૦૦ | ૧૮ % |
| પ્રેફરન્સ શેરો | ૫૦૦૦૦૦ | ૪૫૦૦૦૦ | ૧૨ % |
| અનામતો | ૧૦૦૦૦૦૦ | - | ૧૩ % |
| ડિબેન્ચરો | ૨૦૦૦૦૦૦ | ૧૭૫૦૦૦૦ | ૧૦ % |

ચોપડા કિંમત અને બજાર કિંમતના આધારે ભારિત સરેરાશ મૂડી ખર્ચની ગણતરી કરો.

પ્ર.૩

(અ) રાજ લી. નું મૂડી માળખું નીચે મુજબ છે. (૧૦)

| | |
|---|---|
| રૂ.૧૦ ના એક એવા ઇકવિટી શેરો | રૂ. ૪૦૦૦૦૦૦ |
| રૂ.૧૦૦ના ૧૨ %ના પ્રેફરન્સ શેરો | રૂ. ૨૦૦૦૦૦૦ |
| રૂ. ૧૦૦ના ૧૦ %ના ડીબેન્ચરો | રૂ. ૧૫૦૦૦૦૦ |
| અનામતો | રૂ. ૨૦૦૦૦૦૦ |

કંપનીનો કાર્યકારી નફો રોકાયેલ મૂડીના ૧૬ % છે. વિસ્તરણ માટે કંપનીને રૂ. ૩૦૦૦૦૦૦ ની જરૂરત છે. આવક વેરાનો દર ૫૦ % છે.

ઉપરોકત વિસ્તરણ યોજના માટે મૂડી ઉભી કરવાના કંપની પાસે નીચે મુજબના ત્રણ વિકલ્પો છે.

(૧) રૂ. ૧૦ ના એક એવા ૩૦૦૦૦૦ શેર બહાર પાડવા.

(૨) ૧૩ %ના પ્રેફરન્સ શેરો બહાર પાડવા.

(૩) ૧૩ %ના ડિબેન્ચરો બહાર પાડવા.

ઉપરોકત વિકલ્પોમાંથી કયો વિકલ્પ યોગ્ય છે અને શા માટે ? (શેર દીઠ કમાણી શોધો.)

(બ) મૂડી માળખું એટલે શું ? યોગ્ય મૂડી માળખાના લક્ષણોની ચર્ચા કરો. (૧૦)

**અથવા**

પ્ર.૩

(અ) મૂડી માળખાના નિર્ણયને અસર કરતા પરિબળો સમજાવો. (૧૦)

(બ) લિવરેજ એટલે શું કાર્યકારી લિવરેજ અને નાણાકીય લિવરેજ વચ્ચેનો તફાવત જણાવો. (૧૦)

પ્ર.૪

(અ) કંપની X અને કંપની Y માટે બધા જ પ્રકારના લિવરેજ નીચેની માહીતી પરથી ગણો. (૧૦)

| વિગત | X કંપની | Y કંપની |
|---|---|---|
| ઉત્પાદન (એકમમાં) | ૧૦૦૦૦૦ | ૨૦૦૦૦૦ |
| સ્થિર ખર્ચા(રૂ.માં) | ૨૦૦૦૦૦ | ૪૦૦૦૦ |
| એકમ દિઠ ચલિત ખર્ચા (રૂ.માં) | ૪.૦૦ | ૧.૦૦ |
| વ્યાજ ખર્ચ (રૂ.માં) | ૧૪૦૦૦૦ | ૬૦૦૦૦ |
| એકમની વેચાણ કિંમત(રૂ.માં) | ૮.૦૦ | ૨.૦૦ |

લિવરેજના જવાબોને પણ સમજાવો.

(બ) કાર્યશીલ મૂડી એટલે શું ? કાર્યશીલ મૂડીની જરૂરીયાતને અસર કરતા પરિબળો કયા છે ? સમજાવો. (૧૦)

**અથવા**

પ્ર.૪

(અ) રોકડનો અર્થ સમજાવો અને વેપારના રોજબરોજના વ્યવહારમાં હાથ ઉપર રોકડ રાખવાના હેતુઓની ચર્ચા કરો. (૧૦)

(બ) મૂડી બજેટ એટલે શું ? નાણાંકીય નિર્ણયોમાં તેનું મહત્વ સમજાવો. (૧૦)

પ્ર.૫ જય સ્પ્રીંગ લી. રૂા. ૫૦૦૦૦૦૦ નો રોકાણવાળો નવો પ્રોજેક્ટ શરૂ કરવા માંગે છે. ઘસારા અને કર પહેલાની અંદાજીત આવક નીચે મુજબ છે. (૨૦)

| વર્ષ | વાર્ષિક આવક (ઘસારા અને કર પહેલાની) |
|---|---|
| ૧ | ૩૦૦૦૦૦૦ |
| ૨ | ૪૦૦૦૦૦૦ |
| ૩ | ૫૦૦૦૦૦૦ |
| ૪ | ૬૦૦૦૦૦૦ |
| ૫ | ૩૦૦૦૦૦૦ |

પ્રોજેક્ટની મૂળ કિંમત પર ઘસારો ૨૦ % ગણવાનો છે. કરનો દર ૫૦ % છે. મૂડી પડતરનો દર ૧૦ % છે.

નીચેની પદ્ધતિઓથી નવા પ્રોજેક્ટનું મૂલ્યાંકન કરો.

(૧) પરત આપ મૃદત

(૨) સરેરાશ વળતર દર (હિસાબી વળતર દર)

(૩) ચોખ્ખું વર્તમાન મૂલ્ય.

**અથવા**

પ્ર.૫

(અ) નવા પ્રોજેક્ટનાં મૂલ્યાંકન માટે પરત આપ મૃદત પદ્ધતિ કેવી રીતે ઉપયોગી થાય છે તે સમજાવો અને આ પદ્ધતિની મર્યાદાઓ વિગતવાર સમજાવો. (૧૦)

(બ) ટૂંકનોંધ લખો.

(૧) એસ.ઇ.બી.આઇ. (SEBI) ના કાર્યો. (૦૫)

(૨) શેર બજારનું મહત્વ (૦૫)